# Prime Minister participates in the birth centenary celebrations of 'Jatir Pita' Bangabandhu, Sheikh Mujibur Rahman

March 17, 2020

## ‘જાતિર પિતા’ બંગબંધુ શેખ મુજિબુર રેહમાનની જન્મ શતાબ્દીની ઉજવણીઓમાં વડાપ્રધાન ભાગ લે છે

માર્ચ 17, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિડીયો સંદેશ મારફત ‘જાતિર પિતા’ બંગબંધુ શેખ મુજિબુર રેહમાનની જન્મ શતાબ્દીની ઉજવણીઓમાં ભાગ લીધો હતો.

શ્રી મોદીઓ શેખ મુજિબુર રેહમાનને અંતિમ સદીનાં સૌથી મહાન વ્યક્તિઓ પૈકીનાં એક ગણાવ્યા હતા, અને કહ્યું હતું કે, “તેઓનું સમગ્ર જીવન આપણા બધા માટે વિપુલ પ્રેરણારૂપ છે.”

બંગબંધુને હિંમત, દૃઢ પ્રતિતિ અને શાંતિપ્રિય ઋષિ પુરુષ તરીકે વર્ણવતા, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે બાંગ્લાદેશનાં “જાતિર પિતા” એ દેશને સ્વતંત્ર કરવાનાં પડકારોનો સામનો કરવા તે વખતનાં યુવાધનને પ્રેરણા આપી હતી.

વડાપ્રધાને જણાવ્યું હતું કે કેવી રીતે દમનકારી અને ક્રૂર શાસનતંત્ર દ્વારા તમામ લોકતાંત્રિક મૂલ્યોને અવગણીને ‘બાંગ્લા ભૂમિ’ પર અન્યાયી શાસન લાગું કર્યું હતું અને તેને લાકોનો વિનાશ કર્યો હતો અને યાદ અપાવી હતી કે વિનાશ અને માનવસંહારનાં તબક્કામાંથી બાંગ્લાદેશને બહાર કાઢવા બંગબંધુએ કેવી રીતે તેઓનાં જીવનની પ્રત્યેક ક્ષણને અર્પણ કરી હતી અને તેને સકારાત્મક અને પ્રગતિશીલ સમાજ બનાવ્યો હતો.

વડાપ્રધાને કહ્યું હતું કે, "બંગબંધુ તદ્દન સ્પષ્ટ હતા કે ધૃણા અને નકારાત્મકતા કોઈપણ દેશનો કદાપી પાયો ન બની શકે. પરંતુ બંગબંધુનાં વિચારો અને પ્રયાસો કેટલાક લોકોને ગમતા ન હતા જેઓએ તેમને આપણી પાસેથી છિનવી લીધા હતા."

શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "આપણે બધા સાક્ષી છીએ કે આતંકવાદ અને હિંસાને રાજકારણ અને મુત્સદ્દીગીરીનાં હથિયારો બનાવવાથી કેવી રીતે સમાજ અને રાષ્ટ્રનો નાશ થાય છે. વિશ્વ પણ જોઇ રહ્યું છે કે આતંકવાદ અને હિંસાનાં સમર્થકો હાલમાં ક્યાં રહેલા છે અને કઇ સ્થિતિમાં તેઓ છે, જ્યારે બાંગ્લાદેશ નવી ઉંચાઇઓ હાંસલ કરી રહ્યો છે.”

શેખ મુજિબુર રેહમાનનાં ‘સોનાર બાંગ્લા’ બનાવવાનાં સપના અનુસાર તેઓનાં રાષ્ટ્રનું નિર્માણ કરવા બાંગ્લાદેશનાં લોકો દિવસ અને રાત પુરુષાર્થ કરી રહ્યા છે તે જોઇને વડાપ્રધાને ખુશી વ્યક્ત કરી હતી.

મહામહિમ શેખ હસિનાની આગેવાનીમાં સમાવેશક અને વિકાસલક્ષી નીતિઓ સાથે બંગબંધુથી પ્રેરિત બાંગ્લાદેશની પ્રગતિનાં વડાપ્રધાને વખાણ કર્યા હતા. તેણે વધુમાં ઉમેર્યું હતું કે બાંગ્લાદેશ અર્થતંત્ર, અન્ય સામાજિક સૂચકાંકો કે ખેલકૂદ હોય તે તમામમાં નવા સિમાંકનો હાંસલ કરી રહ્યો છે. વડાપ્રધાને કૌશલ્યો, શિક્ષણ, આરોગ્ય, મહિલા સશક્તિકરણ અને માઈક્રોફાઈનાન્સ જેવા ઘણા ક્ષેત્રોમાં બાંગ્લાદેશની અભૂતપૂર્વ પ્રગતિની પ્રશંસા કરી હતી.

જટીલ સીમાની સમસ્યાઓ મિત્રતાથી હલ કરવા બન્ને દેશો વચ્ચેનાં વધતા વિશ્વાસને કારણે વડાપ્રધાને કહ્યું હતું કે, "અંતિમ કેટલા વર્ષોમાં, ભારત અને બાંગ્લાદેશે દ્વિપક્ષીય સંબંધોમાં સુવર્ણ પ્રકરણ લખ્યું છે અને આપણી ભાગીદારીને નવો આયામ અને દિશા આપી છે."

તેણે એવું પણ કહ્યું હતું કે બાંગ્લાદેશ દક્ષિણ આફ્રિકામાં ભારતનું સૌથી મોટો વ્યાપારી ભાગીદાર છે એટલું જ નહીં પરંતુ વિકાસમાં પણ ભાગીદાર છે. તેણે ઘમા જોડાણ વધારતા ક્ષેત્રોમાં બન્ને દેશો વચ્ચેનાં સહકારની યાદી આપી હતી, જેમ કે વિજળી વિતરણ, ફ્રેન્ડશિપ પાઈપલાઈન, માર્ગ, રેલ, ઈન્ટરનેટ, હવાઈમાર્ગો અને જળમાર્ગો, જે બન્ને દેશોમાંથી વધારે લોકોને જોડે છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે બન્ને દેશોનો વારસો ટાગોર, કાઝી નઝરુલ ઈસ્લામ, ઉસ્તાદ અલાઉદ્દિન ખાન, લાલોન શાહ, જિબાનંદ દાસ અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા બૌદ્ધિકોમાંથી આવે છે.

તેણે કહ્યું હતું કે બંગબંધુનો વારસો અને પ્રેરણાએ બન્ને દેશોની વિરાસતને વધારે વ્યાપક, ગહન બનાવી છે અને બંગબંધુ દ્વારા બતાવેલો માર્ગ બન્ને દેશોની ભાગીદારી, પ્રગતિ અને સમૃદ્ધિ માટે છેલ્લા દાયકાથી મજબૂત પાયો છે.

બન્ને દેશોનાં આગામી સીમાચિહ્નો જણાવતા, આવતા વર્ષે બાંગ્લાદેશની આઝાદીની 50મી જયંતી અને 2022 માં ભારતની સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠ, વડાપ્રધાનને આત્મવિશ્વાસ હતો કે આ બન્ને સીમાચિહ્નો બાંગ્લાદેશ અને ભારતનાં વિકાસને નવી ઉંચાઈઓ પર તો લાવશે જ પરંતુ બન્ને દેશો વચ્ચે મિત્રતાનાં બંધનને પણ વધારે મજબૂત બનાવશે.

**નવી દિલ્હી**
**માર્ચ 17, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.